ગુજરાતમિત્ર
શો ટાઈમ
ગુરુવાર ૨૩ મે, ૨૦૨૪



શ્રદ્ધાએ 'રોક ઓન-2' અને 'સ્ટ્રીટ ડાન્સર 3D'માં તેણે ડાન્સ પણ કર્યો હતો પણ આજકાલ ફિલ્મોમાં એક્શન ટ્રેન્ડ કરે છે અને તેથી શ્રદ્ધા જરા હતાશ છે તે જોકે તેવી હતાશા દેખાડતી નથી પણ ગયા વર્ષે તેની એક જ ફિલ્મ આવી. અલબત્ત, રણબીર કપૂર સાથેની 'તુ જૂઠી મે મક્કાર' સફળ રહી હતી......

# શ્રદ્ધા ડગમગી ગઈ છે?

લાઈમ લાઈટ

શ્રદ્ધા કપૂર ક્યારે લગ્ન કરશે તેની ચર્ચા કોઈ નથી કરતું અને તેનું કારણ એ જ છે કે તે સ્વયં અને તેની ફિલ્મો ચર્ચામાં નથી. લોકો અહીં ચર્ચાતા લોકોને ચર્ચે છે અને શ્રદ્ધા કપૂરને ફિલ્મો સિવાય ચર્ચામાં રહેવાનું આવડતું નથી. ફિલ્મ જગતમાં ટકી રહેવા માટે ચર્ચામાં રહેતા આવડવું તે પણ આવડત ગણાય છે. શ્રદ્ધા એક તો તેની માસી પદ્મિની કોલ્હાપુરે જેવી નોન ગ્લેમરસ છે અને વળી હમણાં તેની ફિલ્મોય એવું જોર નથી કરતી જેટલું કરવું જોઈએ. બાકી તે અત્યારની સારી અભિનેત્રીઓની એક છે. 'આશિકી-2'ની આરોહી તરીકે તે યુવા પેઢની ખાસ થઈ ગયેલી અને પછી તેણે કેટલીક લવ સ્ટોરીવાળી ફિલ્મોમાં કામ પણ કર્યું પરંતુ અત્યારે એક્શન અને સુપરહીરો ફિલ્મો વધારે ચાલે છે. શ્રદ્ધાએ 'રોક ઓન-2' અને 'સ્ટ્રીટ ડાન્સર થ્રીડી'માં તેણે ડાન્સ પણ કર્યો હતો પણ આજકાલ ફિલ્મોમાં એક્શન ટ્રેન્ડ કરે છે અને તેથી શ્રદ્ધા જરા હતાશ છે તે જોકે તેવી હતાશા દેખાડતી નથી પણ ગયા વર્ષે તેની એક જ ફિલ્મ આવી. અલબત્ત, રણબીર કપૂર સાથેની 'તુ જૂઠી મે મક્કાર' સફળ રહી હતી. પણ 'ચાલબાજ ઈન લંડન' અને 'ભેડિયા'માં શ્રદ્ધા માર ખાય ગઈ. તેને એવી ફિલ્મની જરૂર છે જે તેના દમ પર સફળ થતી હોય. 'સ્ત્રી'ની સિક્વલ 'સ્ત્રી-2' આવી રહી છે અને તે ફરી તેને તેની જગ્યા અપાવશે. શ્રદ્ધા અત્યારે એક જૂદા પ્રકારના સંજોગનો સામનો કરી રહી છે. તે શાહરૂખ, સલમાન, ઋત્વિક વગેરેની હીરોઈન તરીકે ફીટ બેસતી નથી અને કાર્તિક આર્યન સહિતના નવા સ્ટાર્સ સામે તે વધારે મેચ્યોર લાગે છે. અલબત્ત, ટાઈગર શ્રોફ, વરુણ ધવન, રણબીર કપૂર સાથે તેની ફિલ્મો આવી છે પણ આમાં ટાઈગર અને વરુણ પોતે જ અત્યારે ફરી પોતાનું સ્ટાર સ્ટેટસ મેળવવાની સ્ટ્રગલમાં છે. શ્રદ્ધા કપૂર પોતાનો સ્લોટ ટ્રેક કરી રહી છે. તો કોઈ પણ પ્રકારની ફિલ્મમાં પોતાને જોતી નથી. તે હારીને વેબસિરીઝ સ્વીકારવા માંડે તેવી ય નથી. હા, તેને ગાવા મળે તો ગીતો ગાય લે છે અને 'એક વિલન'થી માંડી 'હૈદર', 'ABCD 2', 'બાગી', 'બાગી-2'ને 'હાફ ગર્લફ્રેન્ડ' માં ગીતો ગાયા છે પણ તે પોતાને પ્રોફેશનલ પ્લેબેક સિંગર તરીકે આગળ વધારવા માંગતી નથી. તે પોતાના જ માટે ગાય છે અરે તે તો કેટલીક બ્રાન્ડ અને પ્રોડક્ટસને એન્ડોર્સ પણ કરે છે. પણ ફિલ્મોની ઘટતી સંખ્યા તેને બેચેન રાખે છે. ●

અદિતીના અંગત જીવનમાં ઉથલપાથલ રહી છે. 2004 અને 2009માં આવી વાત આવેલી કે તે વકીલ અને ભૂતપૂર્વ અભિનેતા સત્યદીપ મિશ્રાને પરણી છે પણ તેણે વાતનું જાહેરમાં સમર્થન નહોતું આપ્યું પણ 2013માં તેણે એક ઈન્ટરવ્યુમાં કહેલું કે અમે જૂદા થઇ ગયા છે. પછી 2021માં 'મહાસમુદ્રમ'ના સેટ પર સિદ્ધાર્થને મળી અને આ વર્ષના માર્ચમાં બંનેએ એંગેજમેન્ટ કર્યા છે....

# અદિતી બહુ ખાસ છે

એવું લાગે છે કે 'હીરામંડી' વડે સંજય લીલા ભણસાણી ઘણી ભુલાયેલી અથવા ઉપેક્ષિત અભિનેત્રીઓ અને અભિનેતાઓને રિ-લોંચ કરવા માંગે છે. તેઓ હંમેશ તેમની દરેક ફિલ્મોમાં વિત્યા સમયની કોઇ ભુલાયેલી અભિનેત્રીને તક આપતા આવ્યા છે પણ 'હીરામંડી'માં તો ઘણાના નસીબ ફરી ખોલવાનો ઈરાદો જણાય છે. સોનાક્ષી સિંહા, મનિષા કોઈરાલા, રિચા ચઢ્ઢા, ફરીદા જલાલ તો ખરા પણ ફરદીન ખાન, અધ્યયન સુમન અને શેખર સુમન, અંજુ મહેન્દ્રુ વગેરેને પણ તક આપવામાં આવી છે. આમાંથી કાંઇ બધા સિક્કા ઉછળવાનાં નથી. અદિતી રાવ હૈદરી 'હીરામંડી' ધ ડાયમંડ બાઝાર'માં બિબ્બોની ભૂમિકામાં છે. મનિષા કોઈરાલા, મલ્લિકાજાન, સોનાક્ષી ફરદીન, રિચા ચઢ્ઢા લજ્જો, શર્મિન સેગલ આલમઝેબ, સંજીદા શેખ વહીદાની ભૂમિકા ભજવે છે તેમાં એક અદિતી બિબ્બો તરીકે પ્રભાવક રહી છે. અદિતી છેલ્લા કેટલોય વખતથી વેબસિરીઝમાં જ દેખાય છે ચાહે 'જ્યુબિલી' હોય કે 'તાજ: ડિવાઈડેન બાય બ્લડ' હોય (તેમાં તે અનારકલીની ભૂમિકામાં હતી) પણ ફિલ્મોની કારકિર્દી ધીમી પડી છે. છેલ્લે તે 'હે સીનામિકા', 'સરદાર કા ગ્રાન્ડસન', 'અઝીબ દાસ્તાન્સ'માં આવેલી હવે તે બહુ મોટી ભૂમિકા તો ભજવતી નથી બાકી ભણસાલીની જ 'પદ્માવત'માં તેણે મહેરુન્નિસાની ભૂમિકા ભજવેલી, 'રોકસ્ટાર'માં પણ તે શીના તરીકે હતી. તે પરદા પર હંમેશા ગ્રેસફુલ લાગે છે. 'દિલ્હી-6'માં રમા તરીકે દેખાયેલી અદિતી મૂળ હૈદ્રાબાદની છે અને કિરણ રાવના સગપણમાં છે તે તમિલ, તેલુગુ ફિલ્મોમાં પણ કામ કરે છે કારણ કે એ ભાષા તેને સહજ છે. તે મણી રત્નમની 'કાટ્રુ વેલીવડાય'માં જયારે તેણે ભૂમિકા કરેલી ત્યારે એવોર્ડ પણ તેના ભાગે આવેલો. અદિતી આમ તો સારી ભરત નાટ્યમ ડાન્સર પણ છે અને 11 વર્ષની હતી ત્યારથી શીખવા માંડી હતી. અદિતીના અંગત જીવનમાં ઉથલપાથલ રહી છે. 2004 અને 2009માં આવી વાત આવેલી કે તે વકીલ અને ભૂતપૂર્વ અભિનેતા સત્યદીપ મિશ્રાને પરણી છે પણ તેણે વાતનું જાહેરમાં સમર્થન નહોતું આપ્યું પણ 2013માં તેણે એક ઈન્ટરવ્યુમાં કહેલું કે અમે જૂદા થઈ ગયા છે. પછી 2021માં 'મહાસમુદ્રમ'ના સેટ પર સિદ્ધાર્થને મળી અને આ વર્ષના માર્ચમાં બંનેએ એંગેજમેન્ટ કર્યા છે. આ બધું તો ચાલ્યા કરશે. અદિતી હવે ટીવી શ્રેણીમાં પણ કામ કરે છે અને અત્યારે 'ગાંધી ટોક્સ'ન વિજય સેતુપથી અને મહેશ માંજરેકર સાથે 'લાયોનેસ'માં અર્ચના પૂરન સીંઘ, લિઓન ઓકેન્ડેન સાથે અને તે ઉપરાંત એક અન્ય ફિલ્મમાં વ્યસ્ત છે. ભણસાલી સાથેના કામના અનુભવને તે પોતાની કારકિર્દીમાં ખૂબ મહત્વનો અનુભવે છે. ભણસાલી જે રીતે માહૌલ ખડો કરે છે તેની પર તે આફ્રીન છે. ●

> અદિતી આમ તો સારી ભરત નાટ્યમ ડાન્સર પણ છે અને 11 વર્ષની હતી ત્યારથી શીખવા માંડી હતી. અદિતીના અંગત જીવનમાં ઉથલપાથલ રહી છે



ગ્લેમર

સ્ટાર દમ



# રણવીરનું પાણી ઊતરી ગયું છે!

રણવીર સીંઘ અત્યારે સાપ-સીડીની રમતનો અનુભવ કરી રહ્યો છે. ખૂબ ઊંચે ચડયા પછી એકદમ નીચે છે. મતલબ ઝીરો સે હીરો, હીરો સે ઝીરો. તે પોતાને પણ સમજાવી નથી શકતો કે આમ બનવાનું કારણ શું અને દિપીકા પણ ચૂપ છે. તે બંને પરણ્યા ત્યારે તો સ્ટાર જોડી જેવા બધાને જણાતા હતા પણ હવે તો દિપીકા પણ ફિલ્મો બાબતે ધીમી પડી છે. કેટલાક અભિનેતા એવા હોય છે કે જેમનું પોતાનું સ્ટારડમ નથી હોતું અને કોઈ નિર્માતા-દિગ્દર્શક તેમનું સ્ટારડમ શોધી આપે. આવા વખતે જે વધુ સારા ને સમજદાર સ્ટાર હોય તે પોતાને સંભાળી લે છે. રાજેશ ખન્ના, અમિતાભ બચ્ચને પોતાને મળેલી પહેલી સફળતા પછી તરતજ અમુક ફિલ્મો અને દિગ્દર્શકોને પોતાના કરી લીધા હતા. તેઓ ઓવર કોન્ફિડન્ટ પણ ન હતા. જો પહેલી સફળ ફિલ્મ પછી લાગલગાટ ત્રણ ચાર ફિલ્મો સફળ જાય તો માર્કેટ જામી જતી હોય છે. રણવીર સીંઘમાં એવું પ્રોફેશ્નાલિઝમ અને બજારને સુંઘવાની સમજ નથી બીજું કે તે સલમાન, ઋતિક, શાહરૂખ જેવો હેન્ડસમ પણ નથી કે અનેકને દીવાના કરે. તેને જે સફળતા મળી હતી તે તો સંજય લીલા ભણશાલીએ મેળવી આપેલી હતી. તેનામાં એક ક્ષમતા નહોતી કે બીજી ફિલ્મોમાં જે હીરોગીરી કરવા મળે તેમાં આગવી ચમક ભરી દે. આ બધા કારણે 'કીલ દિલ' યા 'દિલ ધડકને દો', 'બેફિક્ર', 'સિમ્બા' કે 'ગલીબોય' યા '83'ને પોતાના વતી કશું આપી શકયો નથી. તમે જુઓ તો તેની છેલ્લી 7-8 ફિલ્મો ફલોપ ગઇ છે તો હવે તેની પર કોણ ભરોસો કરે? અત્યારે રણવીર સીંઘ પાસે એક 'સિંઘમ અગેઇન' છે જેમાં રોહિત શેટ્ટીએ ઢગલો સ્ટાર્સ ભર્યા છે. મતલબ કે રણવીર સીંઘ હવે સિંગલ હીરો ફિલ્મ મેળવી શકતો થી. જો તેના નામે પ્રેક્ષકો દોડી આવતા હોત તો આ હાલત ન હોત. બાકી ફરહાન અખ્તર 'ડોન 3: ધ ફાઈનલ ચેપ્ટર' છે તે તો નિર્માણના પ્રથમ તબક્કામાં છે. 'ડોન...' ફિલ્મની શ્રેણીથી તેણે બચવું જોઈતું હતું. કારણ કે એ શ્રેણીની બધી જ ફિલ્મોમાં સ્ટારને અમિતાભ 'ડોન'ના માપમાં ઉપર રહેવાનું હતું પણ શાહરૂખ ખાન જેવો ય પાછો પડયો છે. અમિતાભ જેવું ડોનનું સ્ટાઈલાઈઝ્ડ પર્ફોમન્સ કોઈથી શકય નથી. જો રણવીરને થતું હોય કે 'ડોન' ફિલ્મ વડે તે અમિતાભની પંકિતમાં ગણાશે તો તેનો આ વહેમ છે. રણવીરે હકીકતે બહુ મોટી શકયતા ઉભી કરી અને પછી પીછેહઠ થઇ છે. ●